**PRESS COVERAGE:**

**PUBLICATION NAME: PHULCHHAB (GUJARATI DAILY)**
**CITY: JAMNAGAR**
**DATE: 17-05-2018**
**PAGE NO. 11**
**TOTAL SQ. CM. 175**
**TITLE:** ***Launch of Nutrition Support Program- A Joint Initiative of Essar Oil and RNTCP Dwarka***

---

# દ્વારકા જિલ્લાને ટીબી મુક્ત કરવા એસ્સારનો સહયોગ

## દરદીઓને ન્યુટ્રીશન કિટનું વિતરણ

ખંભાળિયાઃ સરકાર દ્વારા દરેક જિલ્લામાં બે તાલુકાઓને ટીબી મુક્ત કરવા માટે નક્કી કરવામાં આવેલ છે. જેમાં દેવભૂમિ દ્વારકામાં ભાણવડ અને કલ્યાણપુર તાલુકા સૌ પ્રથમ ટીબી મુક્ત કરવા જણાવવામાં આવેલ છે. જેના અનુસંધાને અલગ - અલગ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત ખંભાળિયા ખાતે આહિર સમાજવાડી ખાતે એસ્સાર ઓઇલ કંપની સીએસઆરના સહયોગથી જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબીના દર્દીઓને ન્યુટ્રીશન કીટ (ચોખા, મલ્ટી ગ્રેના આટા, મુંગદાલ, ચીક પીસ ઓઇલ અને જેગ્રી) આપવા માટે ન્યુટ્રિશન સપોર્ટ પ્રોગ્રામ કલેક્ટર જે.આર. ડોડિયાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

દ્વારકા જિલ્લામાં અંદાજિત ૨૯૦ દર્દીઓને એકથી આઠ માસ માટે જરૂરી કિટ અંદાજિત રૂા.૯૯૫/-ની એસ્સાર ઓઇલ કંપનીના સીએસઆર દ્વારા આપવાનું નક્કી થયેલ છે. જેના માટે એસ્સાાર ઓઇલ કંપની દ્વારા અંદાજે રૂ.૧૬ લાખ મળેલ છે. આ તકે કલેક્ટરે જણાવ્યું હતું કે સરકારના પ્રયત્નો, એનજીઓનો સહયોગ અને લોકોની જાગૃતિથી આ શક્ય જ છે. ન્યુટ્રિશન સપોર્ટ મળતા દર્દીઓ સમયસર દવા લેવા પ્રેરાસે તથા દવા વધુ અસરકારક નિવડશે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાવલે જણાવ્યું હતું કે ડોક્ટર જ્યારે દર્દીની સંવેદના સમજશે ત્યારે જ સાચા અર્થમાં સેવા કરી શકશે.

ધ યુનિયન, દિલ્હીના રીજિયોનલ ડાયરેક્ટર ડો. જેમી તોન્સીંકગે જણાવ્યું કે વિશ્વએ જે ટાર્ગેટ આપ્યો છે એનાથી પાંચ વર્ષ પહેલા આપણે ટીબીને નાબૂદ કરીશું. દ્વારકા જિલ્લારને ટીબીના દર્દની તપાસ માટે ખાસ વાન મળેલ હતી. જેમાં ફક્ત બે જ કલાકમાં ટીબી છે કે નહીં અને ગંભીર પ્રકારનો ટીબી છે કે નહીં તે સ્થતળ પર જ નક્કી થઇ જાય છે. જેમાં જિલ્લોમાં ટોટલ ૩૩ વ્યાક્તિઓની તપાસ કરવામાં આવી અને તેમાં ૬ કેસો પોઝિટિવ આવેલ છે અને આ ૬ પૈકી ૧ ગંભીર પ્રકારનો ટીબીનો દર્દી મળેલ છે.



એસ્સાર દ્વારા ટીબીના દરદીઓને કિટનું વિતરણ.